## શું કોઈ આડઅસર છે?

જ્યાં તમને ઈન્જેક્શન આપવામાં આવ્યું હોય ત્યાં સોજો, લાલાશ અથવા કોમળતા આવવી સામાન્ય છે. કેટલીક વાર એક નાની પીડારહિત ગાંઠ વિકસે છે, પરંતુ તે સામાન્ય રીતે થોડા અઠવાડિયામાં ગાયબ થઈ જાય છે. વધુ ગંભીર અસરો ભાગ્યે જ જોવા મળે છે પરંતુ તેમાં તાવ, માથાનો દુખાવો, ચક્કર આવવા અથવા બેહોશ થવાનો અનુભવ, માંદગી અનુભવવી અને ગ્રંથીઓમાં સોજો આવવો સામેલ છે.

જો તમને રોગપ્રતિરક્ષણ પછી અસ્વસ્થતા લાગે, તો પેરાસીટામોલ લો. બોટલ અથવા પેકેટ પરની સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો અને તમારી ઉંમર માટે નો યોગ્ય ડોઝ લો. જરૂર પડે તો 4 થી 6 કલાક પછી બીજો ડોઝ લેવો.

જો બીજા ડોઝ પછી પણ તમારું તાપમાન ઊંચું હોય, તો તમારા GP સાથે વાત કરો અથવા NHS ની નિઃશુલ્ક હેલ્પલાઇન 111 પર કૉલ કરો.

જો તમને રસીની કોઈ શંકાસ્પદ આડઅસરોનો અનુભવ થાય છે, તો તમે યલો કાર્ડ વેબસાઇટ પર અથવા 0800 731 6789 (સોમવારથી શુક્રવાર સુધી સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી) પર કોલ કરીને અથવા યલો કાર્ડ એપ ડાઉનલોડ કરીને તેના પરજાણ કરી શકો છો.
**www.mhra.gov.uk/yellowcard**

**તમે તમારા તમામ રસીકરણ સમયસર લીધા છે કે નહીં તે તપાસવા માટે હવે સારો સમય છે**

**યુવાન લોકો માટે રોગપ્રતિરક્ષણ**

**NHS રસીકરણ**

કિશોરવયના રસીકરણ વિશે વધુ માહિતી માટે **www.nhs.uk/vaccinations** અથવા **https://qrco.de/YoungPeopleImms** વાંચો



**તમે ચૂકી ગયા હોવ તે ડોઝને લેવામાં મોડું થયું હોતુ નથી.**

આ પત્રિકા યુકે હેલ્થ સિક્યોરિટી એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવી છે.

© Crown copyright 2023. 1P 100K JULY 2023 (APS). Product code: YP3BG1GU Gujarati. UK Health Security Agency gateway number: 2023170.

આ પત્રિકા આના પરથી મંગાવી અથવા ડાઉનલોડ કરી શકાય છે: www.healthpublications.gov.uk, આના પર કોલ કરીને: 0300 123 1002 (સોમવારથી શુક્રવાર સવારે 8 થી સાંજના 6 વાગ્યા સુધી લાઈનો ખુલ્લી હોય છે).

અંગ્રેજીમાં આ પત્રિકાની કાગળની નકલો ઓર્ડર કરવા માટે ઉપલબ્ધ છે.

આ પત્રિકાના અનુવાદિત સંસ્કરણો પણ ઓર્ડર કરવા માટે ઉપલબ્ધ છે.

UK Health Security Agency

# Td/IPV કિશોર 3 ઇન 1 બૂસ્ટર



14 વર્ષની ઉંમરે અથવા શાળાના 9 મા વર્ષ દરમિયાન તમે ટિટનસ, ડિપ્થેરિયા અને પોલિયોને અટકાવતી રસીના 3 ઇન 1 કિશોરવયના બૂસ્ટર ડોઝ માટે લાયક બનો છો. **Td/IPV રસી આ ચેપી રોગો સામે તમારા શરીરની રોગપ્રતિકારક શક્તિને વેગ આપશે, જે કદાચ તમે મોટા થયા છો તેમ ઘટી ગઈ હશે.**

## આ રસી મને શેનાથી બચાવે છે?

ટિ

### ટિટનસ

ટિટનસ એ ચેતાતંત્રને/ નર્વસ સિસ્ટમને અસર કરતી પીડાદાયક બિમારી છે જે સ્નાયુઓમાં ખેંચાણ તરફ દોરી શકે છે, શ્વાસ લેવામાં તકલીફ ઊભી કરી શકે છે અને મૃત્યુ પણ થઈ શકે છે. તે ત્યારે થાય છે જ્યારે માટી અને ખાતરમાં જોવા મળતા સૂક્ષ્મજંતુઓ ખુલ્લા કાપા અથવા દાઝેલા દ્વારા શરીરમાં જાય છે. ટિટનસ એક વ્યક્તિથી વ્યક્તિમાં પસાર થઇ શકતું નથી.

ડિ

### ડિપ્થેરિયા

ડિપ્થેરિયા એ એક ગંભીર રોગ છે જે સામાન્ય રીતે ગળાના દુખાવાથી શરૂ થાય છે અને ઝડપથી શ્વાસ લેવામાં તકલીફ ઊભી કરી શકે છે. તે હૃદય અને ચેતાતંત્ર/નર્વસ સિસ્ટમને નુકસાન પહોંચાડી શકે છે, અને ગંભીર કિસ્સાઓમાં, તે મારી શકે છે.

IPV

### પોલિયો

પોલિયો એ એક વાયરસ છે જે ચેતાતંત્ર/નર્વસ સિસ્ટમને પર હુમલો કરે છે જે સ્નાયુઓમાં કાયમી લકવાનું કારણ બની શકે છે જો પોલિયો છાતીના સ્નાયુઓમાં અથવા મગજને અસર કરે છે, તો તે મારી શકે છે.

કિશોરવયના બૂસ્ટર રસીને રેવેક્સિસ કહેવામાં આવે છે, તમે www.medicines.org.uk/emc/product/5581/pil પર દર્દીની માહિતી પત્રિકા વાંચી શકો છો

## જો મને નાનપણમાં ટિટનસ, ડિપ્થેરિયા અને પોલિયો સામે રસી આપવામાં આવી હોય તો શું હું હજુ પણ સંપૂર્ણ સુરક્ષિત છું?

ના, તમને અગાઉ મળેલા રક્ષણને ટોપ અપ કરવા માટે તમારે હજી પણ બૂસ્ટરની જરૂર પડશે.

## મારે કેટલા બૂસ્ટરની જરૂર છે?

તમારી રોગપ્રતિકારક શક્તિ વધારવા અને જાળવવા માટે તમારે ટેટનસ, ડિપ્થેરિયા અને પોલિયો રસીના કુલ 5 ડોઝની જરૂર છે.

તમારે આ લેવા જોઈતા હતા:



**પ્રથમ 3 ડોઝ**
બાળક તરીકે



**ડોઝ 4**
જ્યારે તમારી ઉંમર 3 થી 5 વર્ષની વચ્ચે હતી, ત્યારે આ પ્રિ-સ્કૂલ બૂસ્ટર છે



**ડોઝ 5**
વર્ષ 9 માં છે
(13 થી 14 વર્ષની વયના)

## શું મને ભવિષ્યમાં વધુ બૂસ્ટરની જરૂર પડશે?

તમારે કદાચ આ રસીઓના વધુ બૂસ્ટરની જરૂર નહીં પડે જો કે, જો તમે અમુક દેશોની મુલાકાત લેતા હોવ અથવા જો તમને કોઈ ઈજા થઈ હોય, તો તમારે બીજા ટિટનસ ઈન્જેક્શનની જરૂર પડી શકે છે. તમારી જીપી (GP) સર્જરીમાં તમારી પ્રેક્ટિસ નર્સ સાથે વાત કરો

## મને Td/IPV બૂસ્ટર કેવી રીતે અપાશે?

તમને તમારા હાથના ઉપરના ભાગમાં 1 ઈન્જેક્શન મળશે. કોઈને ઈન્જેક્શન પસંદ નથી, પરંતુ તે ખૂબ જ ઝડપી છે. ઉપયોગમાં લેવાતી સોય નાની હોય છે અને તમને માત્ર એક નાનકડી પિનપ્રિક/સહેજ ડંખ જેવી લાગવી જોઈએ જો તમે ઈન્જેક્શન લેવાથી થોડા ચિંતિત હોવ, તો તમે તે લેતા પહેલા નર્સ અથવા ડૉક્ટરને જણાવો

## શું મારે હવે અન્ય કોઈ રોગપ્રતિરક્ષણ ની જરૂર છે?

જ્યારે તમે તમારું Td/IPV બૂસ્ટર લો ત્યારે તમે તમારી MenACWY રસી માટે પણ પાત્ર બનશો. તમારી શાળા છોડતા પહેલા તમારી પાસે આ હોવું જોઈએ. જો તમે ચૂકી ગયા હોવ અને હજી પણ શાળામાં હોવ, તો તમારી શાળાની નર્સ સાથે વાત કરો. જો તમે શાળા છોડી દીધી હોય, તો તમારે મેળવવાની વ્યવસ્થા કરવા માટે તમારી જીપી (GP) પ્રેક્ટિસનો સંપર્ક કરવો જોઈએ. તમારી જીપી (GP) પ્રેક્ટિસ સાથે તપાસ કરવી એ એક સારો વિચાર છે કે તમારા અન્ય તમામ રસીકરણ સમયસર લીધા છે જેમાં એચપીવી(HPV) અને એમએમઆર(MMR) (ઓરી, ગાલપચોળિયા અને રૂબેલા) નો સમાવેશ થાય છે.

**જો તમે ક્યારેય એમએમઆર (MMR) રસી લીધી ન હોય, તો તમારે એક ડોઝ અત્યારે અને બીજો 1 મહિના પછી લેવો જોઈએ જેથી તમને ઓરી, ગાલપચોળિયા અને રૂબેલાથી બચાવી શકાય.**

